Extra No. 279

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **WEDNESDAY, AUGUST 6, 2025 / SRAVANA 15, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

// વંચાણે લીધું //

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, રાજપીપળા (મા.મ.) વિભાગ, રાજપીપળાના પત્ર જા.નં. પીબી/૨૭૮૬/સને ૨૦૨૫, તા.૧૧/૦૭/૨૦૨૫

(૨) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/૮૯૯૭ થી ૯૦૩૨/૨૦૨૫, તા.૧૧/૦૭/૨૦૨૫

(૩) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક: એમએજી/વશી/૯૩૪૦-૪૭/૨૦૨૫, તા.૨૧/૦૭/૨૦૨૫

(4) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, રાજપીપળાના પત્ર ક્રમાંક: એમએજી/વશી/૪૧૫૬/૨૦૨૫, તા.૦૪/૦૮/૨૦૨૫

(૫) સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીશ્રી, રાજપીપળાનો તા.૦૪/૦૮/૨૦૨૫

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૩ (૧) (બી) અન્વયે.

ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/ ૯૮૩૪ થી ૯૮૭૦ /૨૦૨૫.-કાર્યપાલક ઈજનેરશ્રી, રાજપીપળા (મા.મ.) વિભાગ, રાજપીપળા દ્વારા વંચાણ-(૧)ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત અન્વયે અત્રેની કચેરીના સંદર્ભ-(૨)ના જાહેરનામાથી રાજપીપળા-સિસોદ્રા રોડ (રાજ્ય ધોરીમાર્ગ) ની સાંકળ ૪/૭૦૦ થી ૪/૮૦૦ વચ્ચે નાગુવા નદી પર આવેલ માઈનોર બ્રીજ આ અંગે અન્ય હુકમ ન થાય ત્યાં સુધી ભારે વાહનો માટે બંધ કરી, ભારે વાહનો માટેનો રૂટ નીચે મુજબ ડાયવર્ટ કરવામાં આવેલ હતો.

- રાજપીપળાથી સિસોદ્રા જતાં ભારે વાહનો રાજપીપળા-પ્રતાપનગર-રાજુવાડીયા-નાવરા-કાંદરોજ-સિસોદ્રા રસ્તાનો ઉપયોગ કરશે.
- સિસોદ્રાથી રાજપીપળા જતાં ભારે વાહનોએ સિસોદ્રા-કાંદરોજ-નાવરા-રાજુવાડીયા-પ્રતાપનગર-રાજપીપળા રસ્તાનો ઉપયોગ કરશે.

અત્રેની કચેરીના વંચાણ-(૩)ના હુકમથી જિલ્લામાં વિવિધ કારણોસર રસ્તો/બ્રીજ વાહનવ્યવહાર માટે બંધ કરી રૂટ ડાયવર્ઝન આપવા અંગે સ્થળ મુલાકાત કરી અત્રે અભિપ્રાય મોકલવા સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીઓના અધ્યક્ષસ્થાને કમિટીની રચના કરવામાં આવેલ હતી. જે અન્વયે સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, રાજપીપળા દ્વારા વંચાણ-(૪)ના પત્રથી જણાવ્યા મુજબ ઉપરોક્ત રૂટ ડાયવર્ઝનમાં ફેરફાર કરવા અંગે કમિટીના સભ્યો દ્વારા તા. ૦૧/૦૮/૨૦૨૫ ના રોજ સ્થળ મુલાકાત કરી, રૂટ ડાયવર્ઝનમાં ફેરફાર કરવા અભિપ્રાય આપેલ હોય, કમિટીના અભિપ્રાય મુજબ રૂટ ડાયવર્ઝનમાં ફેરફાર કરવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ છે. જે મુજબ રૂટ ડાયવર્ઝનમાં ફેરફાર કરવા સુધારા જાહેરનામું બહાર પાડવું આવશ્યક જણાય છે.

// સુધારા હુકમ //

આથી હું એસ.કે.મોદી(આઈ.એ.એસ), જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા, ગુજરાત પોલીસ અધિનિયમ- ૧૯૫૧ ની કલમ -૩૩(૧)(બી) થી મળેલ સત્તાની રૂએ રાજપીપળા-સિસોદ્રા રોડ (રાજ્ય ધોરીમાર્ગ) ની સાંકળ ૪/૭૦૦ થી ૪/૮૦૦ વચ્ચે નાગુવા નદી પર માઈનોર બ્રીજ ભારે વાહનો માટે બંધ કરવા અંગેના અત્રેની કચેરીના વંચાણ-(૨)ના જાહેરનામામાં દર્શાવેલ ભારે વાહનો માટેના રૂટ ડાયવર્ઝનમાં નીચે મુજબ ફેરફાર કરવા આથી ફરમાવું છું.

રૂટ ડાયવર્ઝનમાં કેરકારની વિગત :-

- રાજપીપળાથી સિસોદ્રા જતાં ભારે વાહનોએ રાજપીપળા-તરોપા-પ્રતાપપરા-માલવ-પાટણા-સીસોદ્રા રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.
- સિસોદ્રાથી રાજપીપળા જતાં ભારે વાહનોએ સિસોદ્રા-નીકોલી-વાઘોડીયા-નંદપરા-નવા રાજુવાડીયા-પ્રતાપનગર-રાજપીપળા રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

સદરહુ રસ્તો ભારે વાહનો માટે બંધ હોવા અંગેના તથા રૂટ ડાયવર્ઝન અંગેના નિયમાનુસાર જરૂરી બોર્ડ/બેરીકેટ્સ લગાડવાની, વંચાણ-(૪) અને (૫)ના પત્રોમાં જણાવ્યા મુજબની તથા તેને આનુષંગિક તમામ કામગીરી કાર્યપાલક ઈજનેરશ્રી, રાજપીપળા (મા.મ.) વિભાગ, રાજપીપળાએ કરવાની રહેશે.

ડાયવર્ઝન રૂટમાં ભારે વાહનો માટે જવાનો તથા આવવાનો રૂટ અલગ-અલગ હોવાથી બંને રૂટ પર પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાએ નિયમાનુસાર જરૂરી પોલીસ સ્ટાફ મુકવાનો રહેશે.

// અમલવારીનો સમય //

આ જાહેરનામાની અમલવારી જાહેરનામાની તારીખથી આ અંગે અન્ય હુકમ ન થાય ત્યાં સુધી કરવાની રહેશે.

// શિક્ષા //

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ - ૧૩૧ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

નર્મદા-રાજપીપળા તા.૦૬-૦૮-૨૦૨૫.

એસ. કે. મોદી,
જિલ્લા મેજિસ્ટ્રેટ
નર્મદા-રાજપીપળા

Signature Not Verified
Signed by:MAHENDRA DHARKAR
Date: 2025.08.29 18:54:53 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Vadodara